સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિજાતિના લોકોમાં પ્રસરાયેલા કુરિવાજો દૂર કરવા શિબિરોના આયોજન અંગેની નવી બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/ન.બા-૨૪/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૧૦/૨૦૧૯

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૧/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક: આવિ/ સેલ/ ફા.નં.૬૩૫૧/૨૦૧૯-૨૦/૬૧૮ થી ૧૯

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૪/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક: આવિ/ સેલ/ ફા.નં.૬૩૫૧/૨૦૧૯-૨૦/૬૮૧ થી ૬૮૨

(3) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૨/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: આવિ/ સેલ/ ફા.નં.૬૩૫૧/૨૦૧૯-૨૦/૧૦૪૭

**પ્રસ્તાવના:-**

આદિજાતિમાં પ્રસરેલ વેર, વ્યસન, વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજોથી બહાર આવી આધુનિક યુગમાં પ્રવેશી સમયની સાથે તાલ મિલાવી પોતાનો વિકાસ સાધે તેમજ ઉંડાણ વિસ્તારના ગામોમાં વસતા આદિવાસીઓમાં જાગૃતિનો પ્રસાર થાય તથા આદિજાતિ સમાજમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે વિકાસ થાય; સમાજમાં પ્રસરેલા દુષણ, વેર, વ્યસન અને વહેમ દુર થાય તેમજ પોશિના, ખેડબ્રહ્મા જેવા તાલુકાઓમાં જોવા મળતી ચડોતરૂ પ્રથા અને કુરીવાજો દુર થાય તે માટે શિબિરો તથા અન્ય માધ્યમથી જાગૃતિ ફેલાવી શકાય એ હેતુથી સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લામાં સમાવેશ થતા ગામોમાં શિબિરોના આયોજન અંગેની માંગણી ક્રમાંક-૯૬ હેઠળની અંદાજીત રૂ.૫૦.૦૦ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની નવી બાબતની દરખાસ્ત કમિશ્નરશ્રી (આ.વિ) દ્વારા કરવામાં આવેલ, જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આદિજાતિના લોકોમાં પ્રસરાયેલા કુરિવાજો દૂર કરવા શિબિરોના આયોજન માટે રૂ.૫૦.૦૦ લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પૂરા)ની નવી બાબતની જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનોઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણ પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) શિબિરમાં શેરી નાટક/ ભવાઇ દ્વારા ચડોતરૂ પ્રથા અને અંધશ્રદ્ધા, કુરિવાજો બાબતે સમાજમાં જાગૃતિ અંગેના કાર્યક્રમ રાખવા; લોકોને શિબિરને અનુરૂપ ટૂંકી ફિલ્મ પ્રોજેક્ટર મારફત રજૂ કરી જાગૃત કરવા; ચડોતરૂ પ્રથા તથા આદિજાતિ સમાજમાં પ્રસરાયેલા કુરિવાજો બાબતે મહાનુભાવો, સમાજના અગ્રગણ્ય લોકો દ્વારા ઉદબોધન મારફત લોકોને જાગૃત કરવા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે. આ કામગીરી માટે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકા તેમજ અરવલ્લી જિલ્લાના ભિલોડા, મેઘરજ તાલુકાને આવરી લેવાના રહેશે.

(૧૨) શિબિર કરવા માટે એક ગામને ધ્યાને લઇ આજુબાજુના પાંચ થી છ ગામોને જોડી શિબિરનું આયોજન કરવાનું રહેશે. બેનરો તથા પત્રિકાઓ દ્વારા શિબિરનો પ્રચાર-પસાર, સમાજના અગ્રગણ્ય આગેવાનો જિલ્લાના મહાનુભાવો/અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાના નેતૃત્વ હેઠળ શિબિરોનું આયોજન, પ્રાયોજના વહીવટદાર દ્વારા જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓને વહીવટી મંજૂરી આપવી અને ગ્રાન્ટની ફાળવણી કરવી, અમલીકરણ અધિકારીશ્રી દ્વારા નિષ્ણાતોની સેવા સાથે શિબિરોનું આયોજન કરવું, જેવી કામગીરી કરવાની રહેશે.

(૧૩) આ યોજનાના અમલ માટે થનાર ખર્ચ બાબતે નિયત ખરીદ પ્રક્રિયા/ધોરણોને અનુસરવાના રહેશે તથા જ્યાં ધોરણો નિયત થયેલ ન હોય ત્યાં વહીવટી વિભાગની મંજૂરી મેળવી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર- ૯૭ (૩૪) સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં વસતા આદિજાતિના લોકોમાં પ્રસરાયેલા કુરિવાજો માટે શિબિરોનું આયોજન કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૨/૦૯/૨૦૧૯ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ દવે)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અરવલ્લી / સાબરકાંઠા.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર તરફ ઠરાવને વિભાગની વેબસાઇટ ઉપર સત્વરે મુકવા સારૂ.
- સિલેકટ ફાઇલ.